GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# અભિજ્ઞાન શાકુંતલમાં દામ્પત્ય જીવનમાં સામાજિક શિક્ષા

## રોશની એચ. પ્રજાપતિ

શોધાર્થી ,
સંસ્કૃત અને સંસ્કૃત ભારતીય વિદ્યાભવન,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુ.યુનિ. પાટણ.

કાવ્યો માં નાટક રમણીય છે. નાટકો માં શાકુંતલ ( અભિજ્ઞાન શાકુંતલ) રમણીય છે. એમાં પણ ચોથો અંક માં આવતો પ્રસંગ જે વિદાય છે. અને તેમાં જે દાંપત્યજીવનમાં ઉપયોગી શિખામણ અને આર્શીવાદ તે ખૂબ જ ઉપયોગી અને શ્રેષ્ઠ બતાવ્યું છે.

મહાકવિ કાલિદાસના કવિ તરીકે નું આ રીતે વિશ્વના વિખ્યાત સાહિત્યકારો એ કરેલું ગૌરવ જ છે. મહાકવિ કાલિદાસ નું વિશાળ અને ઊંડું જીવન દર્શન એમની કલાકૃતિઓમાં ખૂબ જ સારી રીતે સાકાર થયું છે. વાર્તા નો રસ જ કાવ્યા નો આત્મા છે. અને તે જ નાટક ને આગળ ધપાવે છે. તે કાલિદાસ એ સાબિત કરી બતાવ્યું. મનોરંજન ના મહત્વ ના માધ્યમ તરીકે નાટક ની સમાજમાં એટલી મોટી પ્રતિષ્ઠા હતી કે ' નાટકાન્ત કવિત્વમ ' ( કવિત્વ તો નાટક રચે ત્યારે જ) એમ કહી ને પ્રાચીન કાળમાં નાટક નું ગૌરવ વધાર્યું હતું.

ભારતીય તત્વજ્ઞાન જીવનનેમંગલમય અને સુખના સમાનાર્થી તરીકે નિહાળે છે. જીવનસંઘર્ષ થી ભરેલું હોવા છતાં અંતે સૌને સુખ પ્રાપ્ત થાય તે નાટકનો અંત થવો જોઈએ તે અસર કાલિદાસ ના નાટકોમાં જોવા મળે છે નાટકના અંતે શાંતિ અને સુખ એ આદર્શ પરિસ્થિતિ હોવાથી યુદ્ધ કે મૃત્યુના પ્રસંગો ના ઉલ્લેખ કરવા પરંતુ ક્યારેક એને મંચ પર ભજવવા નહી તે નાટકોની મર્યાદા હતી.

આ અંક માં સાર્વજનિક અનુભૂતિ નું વસ્તુ રજૂ કરાયું છે વિદાયના વસમાપણાનો અનુભવ સર્વકાલીન અને સર્વસ્થલીન છે. તેમાંય જાણે કે હૃદય નીચોવીને પોતાના સમગ્ર અસ્તિત્વનો સમાજને ચરણે ધરાતો હોય તેવો કન્યાવિદાયનો પ્રસંગ ભારતીયોમાં તો વિશેષ કરીને વેદનાકારક છતાં ગૌરવપૂર્ણ છે.આમ હોવાથી જ આ નાટકના ચતુર્થ અંકમાં રહેલા કાશ્યપના ભાવો પિતાઓના સનાતન ભાવો છે. સખીઓના ભાવો જગતની બધી જ સહૃદયી સખીઓના ભાવો છે. તાપસીઓના આશીર્વાદો બધા જ આપ્તજનોના ભારતીય કન્યાઓને મળતા આશીર્વાદોછે.

અહીં ઊર્મીઓના ચિત્રો છે બુદ્ધિના કરતાં ઊર્મિમાં સ્પર્શક ક્ષમતા વિશેષ હોય છે તેથી ચતુર્થ અંક પ્રત્યેક ભાવક ને આકર્ષે છે અહીં પિતાની પુત્રીની સખીઓની પ્રકૃતિની લાગણીઓ વક્ત અવ્યક્ત થાય છે લાગણીઓ ખળભળી ઊઠે એવો પ્રસંગ સૌના જીવનમાં ઊભું થયો છે.

આ અંકમાં પ્રકૃતિ એક પાત્ર જ બની ગઈ છે એટલું જ નહીં પણ શકુંતલાની તો તે જ એકમાત્ર માતા છે વિશાળ પ્રકૃતિએ शान्तानुकूलपवनश्चशिवश्चपन्था:' કહીને શકુંતલા ને ભાવભીની વિદાય આપી, વન દેવતાએ તેને વસ્ત્રભૂષણોની ભેટ આપી, વનજ્યોત્સ્ના વિદાય લેતી શકુંતલાને છેલ્લું આલિંગન આપવા તલસી રહી, મૃગબાળ પોતાને છોડી જતી શકુંતલાના વસ્ત્રને ખેંચી રહ્યું, અને

સગર્ભા મૃગી પણ ઓશિયાળી બની ગઈ. કોકિલરવ દ્વારા જાણે આખા તપોવને શકુંતલાને શુભેચ્છા આપી. સમગ્ર પ્રકૃતિએ એક વ્યક્તિ બનીને અનુભવેલી શકુંતલાવિદાય ભારે રોમાંચક લાગે છે.

આ અંકનું સંવિધાન વાસ્તવિક છતાં કાવ્યમય છે. અહીં દરેક પ્રસંગ ધ્વનિમુક્ત અને સપ્રમાણ છે. અરણ્યવાસી શાશ્વત બ્રહ્મચારી કાશ્યપનો નિર્વ્યાજ અપત્યસ્નેહ, પ્રિયંવદા–અનસૂયાની ચિંતાનું એકાએક આનંદમાં થતું પરિવર્તન, આશ્રમવૃક્ષોની વિદાયઆશિષ લેતાં ઉત્પન થયેલું હૃદયવિદારક કારુણ્ય, કાશ્યપનેરાજા પ્રત્યેનો સંદેશો તથા તેમણે શકુંતલાને યોગ્ય ગૃહિણી બનવા માટે આપેલી શીખ, સખીઓએ ભયના ઇશારા સાથે આપેલી વિદાય અને શકુન્તલા

https://www.gapbhasha.org/

અદ્રશ્ય થતાં તપોવનમાં ઊભી થયેલી ભરખી જાય તેવી શૂન્યતા—આ બધાં ચિત્રો માં માનવહૃદયની ઊંડી સમજ અને લાગણીનું સૌકુમાર્ય વ્યકત થાય છે.

કવિએ ભારે કૌશલથી વિદાયના દુઃખને વેધક બનાવ્યું છે. આખા પ્રસંગની પાછળ દુર્વાસાના શાપના સર્પ સળવળ્યા કરે છે, એટલે અહીં' અપાતી બધી શુભેચ્છાઓ કરુણ નાટયાત્મક વિધિવક્રતાઓ બની રહે છે. જેમની વિદાય લેવામાં આવી રહી છે, તેવા મૃગબાળ અને મૃગીની અવસ્થા શકુન્તલાના જ જેવી હતી ને ! શકુન્તલાની જેમ જ પેલો મૃગબાળ પણ જન્મ પછી તરત જ નમાયો બન્યો હતો, શકુન્તલા તેની મા બનેલી અને હવે એ પણ તેને છોડી દે છે. શકુન્તલાને પણ આ જ રીતે પોતાના કહેવાય તેવાઓએ એકલી નિર્જનતાને સહારે છોડી દીધેલી. કાશ્યપે તેને સ્નેહથી ઉછેરી અને વળી પાછો તેમનો ખોળોપણ છોડી દેવાને વખત આવ્યો ?

સગર્ભા મૃગીની ચિન્તા પણ વિદાય પામતી શકુન્તલાને વ્યગ્ર બનાવે છે, ત્યારે આપણને યાદ આવે છે કે સ્વજનોથી દૂર કોઈ અજાણ્યા વાતાવરણમાં તેને પણ પહેલી પ્રસૂતિ કરવાની હતી. આમ, કેવળ ઊર્મિના જ બનેલા આ અંકમાં પણ કવિએ સૂચક રેખાંકનો દ્વારા વિદાયની આકૃતિને ઘેરી બનાવી છે. આ ભર્યાભાદર્યા જગત વચ્ચે પણ માનવીની યાત્રાની આત્યંતિક એકલતાનો સનાતન સ્વર આ આખા અંકમાં રણરણી ઊઠે છે.

થાંગરે શરૂઆતમાં જ શકુંતલાને જ્યારે મોકલવાની વાત કરવામાં આવે છે ત્યારે આશ્રમમાં એક સૂર્યનું કિરણ જ્યારે પ્રકાશ લઈને આવ્યું હોય એમ આશ્રમ ની અંદર ખુશીનું વાતાવરણ છવાઈ જાય છે. શકુંતલા ને વિદાય આપતા તાપસી દ્વારા પણ આર્શિવાદ આપવામાં આવે છે કે जाते, भर्तृर्वहुमानसूचकंमहादेवीशब्दंलभस्व। દીકરી, પતિના અતિ આદરને સૂચવતા ' પટરાણી' પદને પામજે.

वत्से, विरप्रसविनीभव।

વીર પુત્રને જન્મ આપજે.

સ્વામીનો આદર પામજે.

ચોથા અંકમાં 'काव्येषुनाटकंरम्यं....' એ પ્રસિદ્ધ શ્લોકમાં तत्रश्लोकचतुष्टयम्કહીને સહૃદયીએ આ અંકના ચાર શ્લોકોને પોતાની પ્રીતિનો વિશેષ અર્ધ્ય આપ્યો છે.

જેમાં આ અંકના શ્લોક -૬

यास्यत्यद्यशकुन्तलेतिहृदयंसंस्पृष्टमुत्कण्ठया
कण्ठः स्तम्भितबाष्पवृत्तिकलुषश्चिन्ताजडंदर्शनम्।
वैक्लव्यंममतावदीदृशमपिस्नेहादरण्यौकसः
पीडयन्तेगृहिणः कथंनुतनयाविश्लेषदुःखैर्नवैः ॥( અંક ૪, ૬. અભિ.)

આ શ્લોકમાં કાશ્યપ ઋષિ પોતાની પિતારૂપી લાગણી અનુભવી વ્યકત કરે છે કે આજે શકુંતલા સાસરે જશે, એ વિચારે મારું હૃદય ઉત્કંઠિત થાય છે.આંસુના પ્રવાહને રોકવા છતાં કંઠ રુંધાય છે; ચિંતાથી આંખ જડતાધારણ કરે છે. જો મારા જેવા અરણ્યવાસીની પણ સ્નેહને કારણે આવી વ્યાકુળ પરિસ્થિતિ હોય તો, પુત્રીના પ્રથમ વિયોગદુઃખે ગૃહસ્થીઓને કેવી પીડા થતી હશે??

આમ, શકુંતલા સાસરે જતી હોવાથી પતિગૃહે જતી દીકરીને શિખામણ આપતાં કાશ્યપ ઋષિ કહે છે કે ... शुश्रूषस्वगुरुन्कुरू।..... ( અંક ૪ ૧૮ અભિ.) વડીલોની સેવા કરજે સપત્નીઓ પ્રત્યે પ્રિય સખી સમો વર્તાવ રાખજે, પતિ અપમાનિત કરે તો પણ ક્રોધે ભરાઈ વિરુદ્ધ આચરણ કરીશ નહીં; ચાકરો પ્રત્યે ખૂબ જ ઉદાર રહેજે. સદભાગ્યથી ગર્વિષ્ઠ બનીશ નહીં. આ રીતે વર્તનાર યુવતીઓ ગૃહિણી પદ પામે છે; એનાથી વિપરીત રીતે વર્તનાર સ્ત્રીઓ કુંટુંબને પીડાકર હોય છે.

કાશ્યપ ઋષિ શકુંતલાને જવાની આજ્ઞા આપે છે. અને કહે છે કે હવે તું બધા ના આર્શીવાદ લઈ ને આલિંગન કરી વિદાય લઈ લે ત્યારે ના કહે છે કે પિતાજીના ખોળામાંથી વિખૂટી પડેલી હું હવે મલયપર્વતના તટ પરથી ઉખાડવામાં આવેલી વેલની જેમ, બીજા પ્રદેશમાં કેવી રીતે જીવી શકીશ?? ત્યારે કાશ્યપ ઋષિ કહે છે अभिजनवतोभर्तुः श्लाध्ये......० મહાકુલીન સ્વામીના કુળ નું પ્રશંસનીય ગૃહિણી પદ પામી સમૃદ્ધ ઘરના મહાન કાર્યોમાં નિરંતર ગુંથાયેલી તું પૂર્વ દિશા

https://www.gapbhasha.org/

પાવન સૂર્યને જન્મ આપે
એમ અચીર કાળે પુણ્યશાળી પુત્રને જન્મ આપી પછી હે વત્સે! મારા વિયોગથી ઉપજેલા શોકને તું ભૂલી જઈશ.

अस्मान्साधुविचिन्त्यसंयमधनानुच्चैः कुलंचात्मान-..... ॥( અંક ૪ ૧૭ , અભિ. )

આ શ્લોક માં કાશ્યપ ઋષિ શાર્ઙગરવ દ્વારા રાજાને સંદેશો પહોંચાડા આવે છે કે અમે સંયમ ધન તપસ્વીઓ છીએ, આપનું કુળ ઊંચું છે તેમજ સંબંધીઓના પ્રયત્ન વિના જ એનો તમારા પ્રત્યે સહજ સ્નેહ છે. એ બધું બરાબર વિચારી, સર્વ રાણીઓમાં તેને સમાન માન ભર્યું સ્થાન મળે તે જોજો. આથી વિશેષ ભાગ્યને અધિન છે. કન્યાના સગાંએ તેની વાત ન કરવી જોઈએ.

શકુંતલા આશ્રમ ને છોડીને જતાં પાછું ફરીને જ્યારે જુએ છે કે હવે હું આશ્રમમાં ક્યારેય પાછી ફરીશ હવે તપોવન ને ક્યારે નિહાળીશ? ત્યારે કાશ્યપ ઋષિશકુંતલા ને આર્શીવાદ આપે છે કે ચાર સમુદ્રની સીમા વાળી પૃથ્વીની લાંબા સમય સુધી સપત્ની બની રહે દુષ્યંતના અને તારા પુત્રને રાજ્યશાસને સ્થાપી તેને કુળનો સર્વ ભાર સોંપી દેતાર, તારા પતિની સાથે, આ શાંત આશ્રમમાં તું ફરી પ્રવેશ કરીશ.

भूत्वाचिरायचतुरन्तमहीसपत्नी.... ।( અંક ૪, ૨૦ અભિ.)

કાશ્યપ એક પિતાની જવાબદારી પૂરી થતા સ્વસ્થ અનુભવી હાશકારો કરી ન તેમ કહે છે કે

अर्थोहीकन्यापरकीयएव....०(અંક ૪, ૨૨ અભિ.)

ખરેખર કન્યા પારકું ધન છે. એટલે તેને આજે પતિ પાસે વળાવી, મારો અંતરાત્મા જાણે કોઈની થાપણ પાછી સોંપી હોય તેમ હું અત્યંત પ્રસન્ન થઈ ગયો છે.

આમ અભિજ્ઞાનશાકુંતલમાં ચોથા અંકમાં જાણે એક પિતા એક દીકરીને વિદાય આપી ને જવાબદારી પૂરી કરી પોતાની લાગણીઓને એક શિખામણ દ્વારા દાંપત્ય જીવનમાં કેવી રીતે સુખી જીવન વીતે અને ગૃહજીવનસુખી બની રહે તે માટે અહી સામાજિક શિક્ષા આપેલ છે આમ અત્યારના સમયમાં પણ દીકરીને વડીલો માતા-પિતા દ્વારા શિખામણ અને સુ સંસ્કારો આપીને સુખી જીવન જીવવાની શિક્ષા આપવામાં આવે છે.

## સંદર્ભ ગ્રન્થ

[1] અભિજ્ઞાન શાકુંતલ, સરસ્તવતી પુસ્તક ભંડાર
[2] અભિજ્ઞાન શાકુંતલ, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ

https://www.gapbhasha.org/